## બાયડ તાલુકામાં શિયાળાનો પ્રારંભ



### દિવસે ગરમી તથા રાત્રે ઠંડી લાગતા કોરોના કેસો વધ્યા

બાયડ તાલુકામાં શિયાળાનો પ્રારંભ થઈ ચુક્યો છે. જેમાં સવારના તેમજ સાંજના સમયે લોકો ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે . તેમજ ઘરમાં રહેવાનું વધુ પસંદ કરતા હોય છે. હાલ શિયાળાનો સાથે લોકો ડબલ ઋતુનો અનુભવ પણ કરી રહ્યા છે સવારે ઠંડી અને ત્યાર બાદ દિવસ દરમ્યાન ગરમી પડે છે અને મોડી સાંજે ફરી ઠંડીની શરૂઆત થઈ જાય છે. ત્યારે આ ડબલ તુમાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારો સહિત જીલ્લામાં કોરોના વાયરસના કેસમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. શિયાળાની ઋતુમાં શરદી ઉધરસ કે તાવ જેવા રોગો ફેલાવાની પણ રાધ્યતાઓ સેવાઈ રહી છે. ડબલ ઋતુમાં નાના બાળકો, યુવાનો, વૃધ્ધો સહિત સાવચેતી રાખે તે ખૂબ જરૂરી છે. ત્યારે લોકો ઠંડીનો પારો વધતા ગરમ કપડાની ખરીદી શરૂઆત કરી દીધી હતી.

# અરવલ્લીમાં કોરોનાનો હાહાકાર

### ૨૪ કલાકમાં મોડાસા શહેર, ધનસુરા અને ડૂઘરવાડાના ત્રણ લોકોને કોરોના ભરખી ગયો, લોકોમાં લાપરવાહી

મોડાસા, તા. ૨૫

ઉત્તર ગુજરાતમાં દિવાળી બાદ કોરોના સંક્રમણની બીજી લહેર કુદકેને ભુસકે વધવા લાગી છે, અરવલ્લી જીલ્લામાં ઠંડીનું પ્રમાણ વધતા કોરોના વકર્યો છે, જીલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના પોઝેટીવ કેસ વધવાની સાથે કન્ટેન્ટમેન્ટ એરિયા પણ વધી રહ્યા છે. કોરોનાના દર્દીઓ અને કોરોનાથી થતા મૃત્યુની સાચી માહિતી લોકો પાસે પહોંચતી ન હોવાની બૂમો વચ્ચે જીલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓના ટપોટપ મોતને ભેટી રહ્યા છે, જીલ્લાના અનેક કોરોનાગ્રસ્ત દર્દીઓ હિંમતનગર, અમદાવાદ, ગાંધીનગર અને વડોદરાની ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં મોડાસા શહેર, ધનસુરા અને ડુઘરવાડા ગામના ત્રણ લોકોને કોરોના ભરખી જતા તેમના સંપર્કમાં આવેલા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે લોકોના ટપોટપ મોત થઈ રહ્યા હોવા છતાં લોકો બેપરવાહ લાગી રહ્યા છે. જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકો માસ્ક પહેરતા ન હોવાની સાથે સોશ્યલ ડિસ્ટન્સ જાળવતા ન હોવાથી આગામી સમયમાં કોરોના બૉમ્બ વિસ્ફોટ થવાની ભીતી સેવાઈ રહી છે. જીલ્લામાં કોરોના સંક્રમણ દર્દીઓની સંખ્યા સરકારી ચોપડે ફક્ત ૭૦૦ પર પહોંચી છે પરંતુ જીલ્લામાં કોરોના સંક્રમણનો ભોગ બનેલ ૧ હજારથી વધુ દર્દીઓ કોરોનાની અન્ય શહેરોની ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ ઘરે પરત પણ ફરી ચુક્યા છે. ત્યારે સરકારી ચોપડે કોરોના દર્દીઓની સંખ્યા ઓછી હોવાની સાથે મૃત્યના આંકડા પણ જાહેર કરવાનું બંધ કરતા લોકોમાં કોરોના સામે ગંભીરતા જોવા મળતી નથીનું જાગૃત નાગરિકો ચર્ચી રહ્યા છે.



## પ્રાંતિજ તાલુકાના સલાલના બજારો ચાર દિવસ સ્વયંભૂ બંધ રહેશે



પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં હાલ કોરોનાના દિવસે ને દિવસે કેસોમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. ત્યારે સંક્રમણ રોકવા માટે પ્રાંતિજના સલાલના વેપારીઓ તથા સલાલ ગામના આગેવાનો દ્વારા ચાર દિવસ માટે સલાલ બજાર સ્વયંભૂ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

કોરોના મહામારીના કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધતાં સંક્રમણને અટકાવવા અને કોરોના વાયરસને મહાત કરવાના આશયથી સામૂહિક હિત માટે પ્રાંતિજ તાલુકાના સલાલના નાના મોટા તમામ વેપારીઓએ સ્વયંભૂ બંધ કરવાનો નિર્ણય પંચાયતના સરપંચ રાજુભાઈ પટેલ, માર્કેટયાર્ડના ચેરમેન રાજુભાઈ પટેલ અને ભાજપ યુવા મોરચાના પ્રમુખ વિપુલભાઈ શર્માની ઉપસ્થિતિમાં તમામે તમામ વેપારીઓએ તા. ૨૭-૧૧-૨૦૨૦ શુક્રવારથી રવિવાર તા.૩૦-૧૧-૨૦૨૦ સુધી સતત ચાર દિવસ સુધી તમામ વેપાર-ધંધા અને દુકાનો બંધ રાખવાનું નક્કી કરતા સલાલના તમામ બજારો બંધ રહેશે જેની જનતાએ નોંધ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે તથા પ્રાંતિજ અને સલાલ ખાતે આવેલ અનાજ માર્કેટ પણ સંપુર્ણપણે બધ રહેશે તો પ્રાંતિજ શાકભાજી માર્કેટ ખુલ્લુ રહેશે.

## ભિલોડા તાલુકાના માંકરોડા ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ

ભિલોડા, તા.૨૫

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામમાં ફાયરીંગ બટ આવેલો છે જયાં બટમાં અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓનું અર્ધવાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ કરવાની હોઈ, અરવલ્લી, મોડાસાના તા. ૭-૧૧-૨૦૨૦ ના પત્રથી આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુ-બાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા માટે સન.૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમન અન્વયે તા. ૧-થી તા.૩૧ ડિસેમ્બર-૨૦૨૦ સુધી અમલમાં રહે તે રીતના પ્રતિબંધિત હુકમ જાહેર કરેલ છે.

અમૃતેશ ઔરંગાબાદકર આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓનું અર્ધવાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ કરવાની હોઈ, હોઈ ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી.ની ત્રિજયાના વિસ્તારમાં ૧ થી તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૦ સુધી સુધી સવારના ૭ કલાકથી સાંજના ૧૮ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંકર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં. આ જાહેરનામાનાનો ભંગ કરનાર ઉકત અધિનીયમ કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

### કોરનાનું સંક્રમણ અટકાવવા તંત્ર એલર્ટ

## રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશ કરતા તમામનું સ્ક્રીનીંગ હાથ ધરાયું

પાલનપુર, તા.૨૫

ગુજરાતમાં કોરોનાના કેસોમાં દિન પ્રતિદિન વધારો થઈ રહયો છે અનેક લોકોના મોત થઈ રયા છે ત્યારે આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે. ગુજરાત અને રાજસ્થાનની સરહદો પર રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતા વાહન ચાલકો તેમજ મુસાફરોને આરોગ્ય ચકાસણી કરવામાં આવી રહી છે.



આજથી અંદાજે ૬ મહિના પહેલા કોરોના એ કાળો કેર વર્તાવ્યો હતો એમ કહો તો પણ ચાલે પરંતુ ધીરે ધીરે જાણેકે કોરોના જતો રહ્યો હોય એવા અણસાર લાગી રહ્યા હતા ત્યારે ફરી એકવાર આ આતંકી કોરોનાને માથું ઉચકતા અમદાવાદ સહિત અન્ય મોટા શહેરોમાં પણ કરફ્યુ લગાવી દેવામાં આવ્યું છે અને આ વખતે જાણે આરોગ્ય તંત્ર પુરા મૂડમાં કોરોના સામે લડી લેવા માટે તૈયાર હોય તેમ લાગી રહ્યું છે.

ત્યારે ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પરથી જે લોકો રાજસ્થાનમાંથી ગુજરાતમાં આવી રહ્યા છે તેવા લોકોનું સ્ક્રીનીંગ કરીને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે જેમાં આર.બી.એસ.ની ટીમ દ્વારા કુલ ૬૭ જેટલા લોકોના સ્ક્રીનીંગ કર્યા છે અને ૨૦ જેટલા લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે તેથી ચોક્કસથી આ આરોગ્ય તંત્ર કોઈ પણ પ્રકારની આળસ કે ઢીલી નીતિ રાખ્યા વગર કોરોનાને માત આપવા માટે કમર કસી હોય તેવું લાગી રહ્યું છે

## તલોદના વણજારા સમાજે કોરોના વોરિયર્સથી ચિફ ઓફીસરનું સન્માન કર્યુ



તલોદ, તા. ૨૫

તલોદમાં વણજારા સમાજે બુધવારના રોજ કોરોના મહામારી દરમ્યાન સરકારના માર્ગદર્શન હેઠળ કોરોના વોરિયર્સ તરીકે તલોદ વિસ્તારમાં ઉત્તમ કામગીરી કરનાર તલોદ પાલિકાના ચિફ ઓફીસર સંજયકુમાર ટી. રામાનુજનું સન્માન કર્યુ હતુ. ગુજરાત વણજારા સમાજના પ્રદેશ ઉપ પ્રમુખ દશરથભાઈ વણજારાના નેતૃત્વમાં તલોદ વણજારા સમાજના આગેવાનો સાથે આજે તલોદ પાલિકાએ પહોંચી કોરોના મહામારી દરમ્યાન પ્રજાજનોના સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તેવા શુભ આશયથી વ્યવસ્થાપનની જાળવણીમાં ઉત્તમ કામગીરી કરનાર તલોદ પાલિકાના ચિફ ઓફીસર સંજયકુમાર રામાનુજનુ ફુલહારથી સ્વાગત કરી તેમની આ કામગીરીને બિરદાવી સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

તલોદ પાલિકાના ચિફ ઓફીસર સૌનો આભાર પ્રગટ કરી જણાવ્યુ હતુ કે પ્રજાહિતના કાર્યો માટે મને સોંપવામાં આવતી તમામ ફરજો નિષ્ઠાપૂર્વક બજાવીશ જેમાં નગરજનોનો સાથ સહકાર અને સ્વૈચ્છીક ફરજો સમજી મને પૂર્ણરૂપે સહકાર આપવા અપેક્ષા પણ વ્યક્ત કરી હતી.

# કોરોનાના વધતા સંક્રમણને ધ્યાનમાં લઈને ભિલોડા પોલીસે લાલ આંખ કરી

### ભિલોડા પોલીસ ''ઘરે રહો સુરક્ષીત રહો''ના નારા સાથે ''નો માસ્ક નો એન્ટ્રી''ના ઠેર ઠેર બેનર લગાવ્યા : જન જાગૃતિ સાથે માસ્ક વગરનાને દંડ ફટકાર્યો






ભિલોડા, તા. ૨૫

દિવાળી પર્વ પછી રાજ્યભરમાં કોરોનાના કેસો અને મૃત્યુઆંકમાં વધારો થઈ રહ્યો છે. કોરોના સંક્રમણ ફેલાતું અટકાવવા લોકો ઘરની બહાર નીકળે ત્યારે સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્કનો ઉપયોગ સરકારે ફરજિયાત બનાવ્યો છે, જ્યાં સુધી કોરોનાની વેક્સીન ના શોધાઈ જાય ત્યાં સુધી માસ્ક જ કોરોના ફેલાતો રોકવાની અકસીર દવા છે. પરંતુ લોકો માસ્ક પહેરવાને ખુબ હળવાશથી લઈ રહ્યાં છે. લોકો જાહેરમાં માસ્ક પહેર્યા વગર જ ફરતા જોવા મળે છે. કોરોનાના વધતા સંક્રમણને ધ્યાનમાં લઈને ભિલોડા પોલીસે લાલ આંખ કરી છે તેમજ ભિલોડા નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા જન જાગૃતિ અભિયાન ચલાવી રહી છે. તદઉપરાંત માસ્ક વગર વાહન હંકારતા વાહનચાલકો અને રખડપટ્ટી કરતા લોકોને દંડ ફટકારી માસ્ક અંગે સમજ આપી હતી.

ભિલોડા પીએસઆઈ કે. કે. રાજપૂત અને તેમની ટીમે લોક સહયોગથી ભિલોડામાં સહીત ગ્રામ્ય વિસ્તારોમાં માસ્ક-અપ અભિયાન હાથ ધર્યું છે તેમજ કોરોના સંક્રમણ અટકાવવા ''ઘરે રહો સુરક્ષીત રહો અને અગત્યનું કામકાજ હોય તો જ બહાર નીકળો''ના અને ''નો માસ્ક નો એન્ટ્રી''ના બેનર લગાવી કોરોનાથી બચવા લોકોને અપીલ કરી હતી.

ભિલોડા નગરમાં માસ્ક વગર વાહન હંકારતા લોકોને દંડ ફટકારવાની સાથે વાહન હંકારતી વખતે માસ્ક ફરજીયાત પહેરવા અપીલ કરી વાહનચાલકોને સમજ આપી હતી. ભિલોડા પોલીસે જાહેરસ્થળોએ અને ધંધાના સ્થળોએ વેપારીઓ અને લોકોને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તાકીદ કરી હતી, લોકોએ ભિલોડા પોલીસની કામગીરીની સરાહના કરી હતી.

## યાત્રાધામ શામળાજી મંદિર કાર્તિકી પૂર્ણિમા દરમિયાન મંદિર નહીં ખુલે

### ૨૭ થી ૩૦ નવેમ્બર સુધી બંધ રહેશે

શામળાજી, તા. ૨૫

વિશ્વભરમાં વ્યાપેલ કોરોના વાયરસના મહાસંક્રમણને લઈ તમામ તહેવારો, પર્વોની ઉજવણી ફીક્કી બની રહી છે. કોરોના સંક્રમણ અટકાવવા સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર જેટલું મહત્વ ધરાવતા કાર્તીકી પૂનમનો મેળાનું આયોજન રદ કર્યા બાદ મંદિરના ટ્રસ્ટીઓએ કાર્તિકી પૂનમે મંદિર ખુલ્લું રાખવાનો નિર્ણય લીધો હતો પરંતુ જીલ્લા કલેકટરે શામળાજી મંદિર નજીકથી પસાર થતી મેશ્વો નદીના કિનારે આવેલ પવીત્ર નાગધરામાં કાર્તિકી પૂનમે લોકો પિતૃ તર્પણ અને ધાર્મિક વિધિ સાથે સ્નાન કરવા આવતા હોવાથી કોરોનાનું સંક્રમણ અટકાવવા નાગધરામાં પ્રવેશ અને સ્નાન પર પ્રતિબંધ અને ૫ કિમી વિસ્તારમાં મેશ્વો નદીમાં કે ધાર્મિક વિધી કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યા બાદ મોડે મોડે શામળાજી મંદિર ટ્રસ્ટે કાર્તિકી પૂનમે મંદિર બંધ રાખવાનો નિર્ણય લીધો હતો અને ૨૭ નવેમ્બર થી ૩૦ નવેમ્બર સુધી ભક્તો માટે ભગવાન કાળીયા ઠાકોરના દર્શન બંધ કરવાનો નિર્ણય લીધો હતો.

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં કાર્તિકી પૂનમે લાખ્ખોની સંખ્યામાં દર્શનાર્થીઓ ભગવાન શામળિયાના દર્શન કરી ધન્યતા અનુભવતા હોય છે ત્યારે અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના રોકેટગતિએ વધી રહ્યો હોવાથી આખરે મંદિર ટ્રસ્ટીઓને ૪ દિવસ મંદિર બંધ રાખવાની જાહેરાત કરી હતી. ભક્તોએ પણ મંદિર ટ્રસ્ટ દ્વારા લેવાયેલ નિર્ણયને આવકાર્યો હતો.

શામળાજી મંદિરના મહંત અને ટ્રસ્ટીઓએ કોરોનાનું સંક્રમણમાં વધારો ન થાય અને ભક્તોમાં કોરોના સંક્રમણ ફેલાય નહિ તે માટે દર્શનાર્થીઓ માટે મંદિરનુ દ્વાર બંધ રાખવાનો નિર્ણય કર્યો છે અને ભક્તોને ઘરે રહેવા માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અપીલ કરી હતી.

### પ્રાંતિજ ચિત્રિણી નર્સીંગ કોલેજનું ગૌરવ

## કોલેજની વિદ્યાર્થીની ખણુસીયા અમન યુનિવર્સિટી પ્રથમ સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો



પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સીંગ કોલેજનું ગૌરવ બી.એસ.સી. નર્સીંગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ યુનિવર્સિટી પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો, સતત ચોથા વર્ષે પણ બી.એસ.સી. નર્સીંગ કોલેજનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન જુનાબાકરપુર ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજનું આ વર્ષે પણ બી.એસ.સી. નર્સીગનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું તો છેલ્લા ચાર વર્ષથી ચિત્રિણી નર્સીંગ કોલેજનું પરિણામ ૧૦૦ ટકા આવે છે. આ વર્ષે બી.એસ.સી. નર્સીગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ખણુસીયા અમન હસનભાઈ ૮૧ ટકા ગુણ મેળવીને હેમચંદ્રાચાર્ય ઉ.ગુજરાત યુનિવર્સિટીમાં ફસ્ટ આવી છે અને ગોલ્ડ મેડલ મેળવ્યો છે. કોલેજની વિદ્યાર્થીની ખણુસીયા અમન યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકે આવતા કોલેજના સંચાલક એ.કે. પટેલ તથા ડાયરેક્ટર ડૉ.નુપાંશકુમાર પટેલ તથા કોલેજના પ્રિન્સીપાલ નરેન્દ્રકુમાર શર્મા, મહિલા પ્રિન્સીપાલ કિંજલબેન સહિત કોલેજ સ્ટાફ દ્વારા ખણુસીયા અમનને અભિનંદન પાઠવ્યા હતા. સતત ચોથા વર્ષે પણ ચિત્રિણી બી.એસ.સી. નર્સીગ કોલેજનું પરિણામ ૧૦૦ ટકા આવતા સંચાલક તથા કોલેજ પરિવાર દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીની ખણુસીયા અમન યુનિવર્સિટી ફસ્ટ આવતા પોતાના પરિવાર, સમાજ તથા ગામ સહિત ચિત્રિણી નર્સીગ કોલેજનું નામ રોશન કર્યુ છે.



**પાલનપુર ઔદિચ્ય સહસ્ત્ર સિધ્ધપુરા બ્રહ્મ સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ**

પાલનપુર ઔદિચ્ય સહસ્ત્ર સિધ્ધપુરા બ્રહ્મ સમાજ દ્વારા પાલનપુર ખાતે ડે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ ટુર્નામેન્ટમાં કુલ ૧૦ ટીમો એ ભાગ લીધો હતો. જેમાં પાલનપુર, ડીસા, ધાનેરા, સુરત, રાણીવાડા, સાંચોર, માલવાડા, રેવદર,સોરડા,જાલોરથી અલગ અલગ ખેલાડીઓએ આ ટૂર્નામેંટ માં ભાગ લીધો જેમાં સુરત અને પાલનપુર વચ્ચે રમાયેલી ફાઈનલ મેચ વચ્ચે પાલનપુર ટીમ વિજેતા બની હતી.સમાજના લોકો વચ્ચે પરસ્પર પ્રેમભાવ કેળવાય અને સમાજના વ્યક્તિઓ વચ્ચેનો પરીચય વધે તેવા ઉમદા હેતુથી આ ક્રીકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સાગર જાની,વિજય ત્રિવેદી, અતુલ ત્રિવેદી, સંજય જાની, નંદુ મહારાજ, હસમુખ જોષી સહીત યુવાનો હાજર રહ્યા હતા.

## ડીસાના અલગ-અલગ વિસ્તારોમાં સરપ્રાઈઝ ચેકીંગ સરકારની ગાઈડલાઈનનું કડક પાલન કરવાની તાકીદ

ડીસા, તા. ૨૫

સતત કોરોનાના વધતા જતા કેસોને લઈને વહીવટીતંત્ર ચિંતિત બન્યું છે તેમજ કોરોનાના વધતા જતા સંક્રમણને અટકાવવા માટે આગોતરૂ આયોજન હાથ ધર્યું હતું.

ડીસા ખાતે બુધવારે મામલતદાર એલ. જે. મકવાણા , પાલિકાના મુખ્ય અધિકારી ઉપેન્દ્ર ગઢવી તેમજ તેમની ટીમ દ્વારા ડીસા શહેરના બસ સ્ટેશન, ડોક્ટર હાઉસ, સ્પોર્ટ્સ કલબ વિસ્તાર, મુખ્ય બજાર વિગેરે વિસ્તારમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યું હતું જેમાં વેપારીઓને તેમજ સ્થાનિક લોકોને કોરોના અંતર્ગત ફરજિયાત માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ



રાખવા, બિનજરૂરી ભીડ તેમજ ટોળા ભેગા ન કરવા વિગેરે બાબતે સૂચન કર્યા હતા તેમજ શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી લોકોને સરકારની ગાઈડલાઈનનું પાલન કરવા ખાસ સુચનાઓ સાથે અપીલ કરવામાં આવી રહી છે. ખાસ કરીને ડોક્ટર હાઉસ તથા બસ સ્ટેન્ડ વિસ્તારમાં વધુ પડતી ભીડ ના કરવા સૂચન કરાયું હતું. તેમજ શહેર મામલતદાર એલ.જે. મકવાણા તથા નગરપાલિકાના ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવી દ્વારા માસ્ક પહેર્યા વગર ફરતાં લારી-ગલ્લાવાળા અને ફેરિયાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ ડોક્ટર હાઉસ વિસ્તારમાં સરકારની ગાઈડલાઈનનું કડક પાલન કરવા માટે જરૂરી સુચનાઓ પણ આપવામાં આવી હતી.